# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13.09.2026** **Morning: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*****************************************************

1) બ્રિક્સ રાષ્ટ્રોએ મજબૂત બહુપક્ષીયતા અને ગાઢ સહયોગ પ્રત્યે પ્રતિબદ્ધતાને પુનરોચ્ચાર કરતાં નવી દિલ્હી ઘોષણાપત્ર 2026 અપનાવ્યું.

2) બ્રિક્સ દેશોએ વિશ્વમાં ચાલી રહેલા સંઘર્ષો અને વધતા ધ્રુવીકરણ અંગે ચિંતા વ્યક્ત કરી - બ્રિક્સ સમિટનો આજે બીજો અને અંતિમ દિવસ.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમની મુંબઈની ત્રણ દિવસય મુલાકાત દરમ્યાન અનેક કાર્યક્રમોમાં હાજરી આપશે.

4) હવામાન વિભાગે આજે ગુજરાતમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું – દેશના વિવિધ ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી.

5) મહિલા T20 ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે - પુરુષોની ક્રિકેટમાં ભારત T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં અફઘાનિસ્તાન સામે ટકરાશે.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BRICS SUMMIT DAY 2

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારતના યજમાન પદે ગઈકાલે બ્રિક્સ સંમેલન શરૂ થયું હતું. બધા બ્રિક્સ દેશોના સમર્થન બાદ ગઈકાલે નવી દિલ્હી ઘોષણાપત્ર 2026 જારી કરવામાં આવ્યું હતું.

(બાઇટ - PM-ON-DELHI-DECLAIRATION)

**("हमारे समक्ष ब्रिक्स न्यू दिल्ली डिक्लेरेशन 2026 का ड्राफ्ट प्रस्तुत है। इसमें हमारी चर्चाओं का सार, प्रमुख वैश्विक और क्षेत्रीय विषयों पर हमारे दृष्टिकोण शामिल हैं। साथ ही ब्रिक्स कोऑपरेशन को और सुदृढ़ करने की प्राथमिकताएं समाहित हैं। किसी सदस्य की ओर से आपत्ति व्यक्त नहीं की गई है। न्यू दिल्ली डिक्लेरेशन 2026 को सर्वसम्मति से अडॉप्ट किया जाता है।")**

બ્રિક્સ દેશોએ આંતરરાષ્ટ્રીય વિવાદોને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે પરસ્પર સંવાદ, પરામર્શ અને રાજદ્વારી પ્રયાસો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. તેમણે પશ્ચિમ એશિયામાં વધતા તણાવ પર પણ ચિંતા વ્યક્ત કરી .તેમણે ગયા વર્ષે 22 એપ્રિલે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની પણ સખત નિંદા કરી અને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવાના તેમના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો. ભારત ચોથી વખત આ સમિટનું આયોજન કરી રહ્યું છે.દરમિયાન બ્રિક્સ સમિટનો આજે બીજો અને અંતિમ દિવસ છે.એક અહેવાલ

(VC- DIPENDRA BRICKS)

**ब्रिक्स सम्मेलन में आज ब्रिक्स के सदस्य और साझेदार देश समावेशी वैश्विक विकास के भविष्य को आकार देने संबंधित विषय पर आयोजित सत्र में हिस्सा लेंगे। ब्रिक्स के 10 साझेदार देश हैं- बेलारूस, बोलीविया, कजाकिस्तान, क्यूबा, मलेशिया, नाइजीरिया, थाईलैंड, युगांडा, उज्बेकिस्तान और वियतनाम। इस सत्र के बाद प्रधानमंत्री नरेंद्र मोदी कजाकिस्तान, फिलीपींस, मिस्र, दक्षिण अफ्रीका और बुरुंडी के राष्ट्रपति के साथ द्विपक्षीय बैठक करेंगे। इसके अलावा प्रधानमंत्री नाइजीरिया और युगांडा के उपराष्ट्रपति से भी वार्ता करेंगे। यह ब्रिक्स शिखर सम्मेलन भारत की अध्यक्षता में आयोजित किया जा रहा है और इस वर्ष सम्मेलन की थीम है 'लचीलापन, नवाचार, सहयोग और सतत विकास के लिए निर्माण'। दीपेंद्र कुमार, आकाशवाणी समाचार, दिल्ली।"**

# INDIA CHINA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ભારત અને ચીને તેમના સંબંધો માટે વ્યૂહાત્મક અને લાંબા ગાળાનો અભિગમ અપનાવવાનો પુનરોચ્ચાર કર્યો અને મતભેદોને વિવાદોમાં ફેરવવા ન દેવા જોઈએ. નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ દરમિયાન તેમની દ્વિપક્ષીય બેઠક દરમિયાન બંને નેતાઓએ ગયા વર્ષે ઓગસ્ટમાં તિયાનજિન બેઠક બાદ ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોમાં સતત પ્રગતિનું સ્વાગત કર્યું. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે બંને પક્ષોએ પરસ્પર આદર, સંવેદનશીલતા અને સહિયારા હિતોના સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ. તેમણે ભાર મૂક્યો કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે એક આવશ્યક પાયો છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓએ બંને દેશો વચ્ચે વધતા લોકો-થી-લોકોના સંપર્કો અંગે સંતોષ વ્યક્ત કર્યો. સાંસ્કૃતિક આદાનપ્રદાન, વેપાર સંબંધો અને ગતિશીલતાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સમિટ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ ઇથોપિયા, મલેશિયા અને વિયેતનામના પ્રધાનમંત્રીઓ અને અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ સાથે પણ દ્વિપક્ષીય બેઠકો યોજી હતી.

# BRICS CULTURE PERFORMANCE

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ગઈકાલે પ્રધાનમંત્રી દ્વારા આયોજિત બ્રિક્સ નેતાઓના રાત્રિભોજનમાં, નવરાસ: ધ યુનિવર્સ ઓફ શેર્ડ ઈમોશન્સ નામનો એક ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સભ્ય અને ભાગીદાર દેશોના સંગીતકારોએ બ્રિક્સ સિમ્ફની - એક લય, ઘણી સંસ્કૃતિઓ દ્વારા સાથે મળીને પ્રદર્શન કર્યું હતું.

આ સિમ્ફનીમાં બ્રિક્સ દેશોના વિવિધ સંગીત વાદ્યો અને સંગીત પરંપરાઓને ભારતની શાસ્ત્રીય નૃત્ય પરંપરાઓ સાથે જોડવામાં આવી. કાર્યક્રમમાં વિવિધ દેશોની સંગીત સંસ્કૃતિઓ વચ્ચેનો તાલમેલ અને બ્રિક્સ પરિવારની વિવિધતા, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને એકતાની ભાવના દર્શાવવામાં આવી. સાંસ્કૃતિક આદાનપ્રદાન દ્વારા એક સાથે વધુ સારી દુનિયા બનાવવાની ભાવનાને પ્રતિબિંબિત કરતા આ કાર્યક્રમમાં બ્રિક્સ દેશોની સમૃદ્ધ સંસ્કૃતિઓ અને વિવિધ સભ્યતાઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# SHAH MUMBAI VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મુંબઈના ત્રણ દિવસની મુલાકાતે છે. ગઈકાલે મુંબઈ પહોંચેલા શ્રી શાહ એશિયાટિક સોસાયટીની મુલાકાત લેશે અને હિન્દી પર ધ્યાન કેન્દ્રિત કરીને છઠ્ઠા અખિલ ભારતીય સત્તાવાર ભાષા પરિષદમાં હાજરી આપશે.

શ્રી શાહ આજે એશિયાટિક સોસાયટી ઓફ મુંબઈ ખાતે શ્રી ગણેશ ધ્યાનઆરતી નામના હસ્તપ્રતોના એક ખાસ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે. તેઓ લાઇબ્રેરીની મુલાકાત લઈ સભાને સંબોધતા પહેલા એશિયાટિક સોસાયટીની હસ્તપ્રત સંરક્ષણ પ્રયોગશાળાના કાર્યનું નિરીક્ષણ કરશે. તેઓ આજે બાંદ્રા જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ એવોર્ડ સમારોહમાં હાજરી આપશે. ગૃહમંત્રી આવતીકાલે નવી મુંબઈના વાશીમાં સિડકો પ્રદર્શન કેન્દ્ર ખાતે હિન્દી પર ધ્યાન કેન્દ્રિત કરીને સત્તાવાર ભાષા પરિષદમાં ભાગ લેશે. શ્રી શાહ લાલબાગચા રાજાની પણ મુલાકાત લેશે.

# IMD – WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાતમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે, રાજ્યના અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઇ છે.

મધ્યપ્રદેશ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ભારે વરસાદની આગાહી છે. દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં પણ આજે ભારે વરસાદ થવાની સંભાવના છે.

બિહાર, ઝારખંડ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વાવાઝોડા અને વીજળી પડવાની સંભાવના છે. આગામી પાંચ દિવસમાં દિલ્હીમાં પણ અલગ અલગ સ્થળોએ ભારે વરસાદ થવાની સંભાવના છે. આજે કેરળ અને માહેમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની સંભાવના છે.

# NEPAL FLOOD TOLL

નેપાળમાં પૂરગ્રસ્ત આઠ જિલ્લાઓમાંથી વધુ મૃતદેહો મળી આવ્યા બાદ મૃત્યુઆંક વધીને એક હજાર 386 થયો છે.

26 ઓગસ્ટના રોજ નેપાળ-તિબેટ સરહદ નજીક આવેલા પૂરને કારણે ઉત્તર અને મધ્ય નેપાળના શહેરો અને ગામડાઓમાં ભારે વિનાશ સર્જાયો હતો. રાષ્ટ્રીય આપત્તિ જોખમ ઘટાડા અને વ્યવસ્થાપન સત્તામંડળ અનુસાર અત્યાર સુધીમાં 104 મૃતદેહોની ઓળખ થઈ ગઈ છે અને તેઓ તેમના પરિવારોને સોંપવામાં આવ્યા છે. હજુ પણ આશરે પાંચ હજાર 130 લોકો ગુમ છે.

સુરક્ષા દળો શોધ અને બચાવ કાર્ય કરી રહ્યા છે. તેર હજાર 700થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે 349 લોકો હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. રાસુવા, નુવાકોટ અને ધાડિંગ જિલ્લામાં ત્રણ હજાર 700 થી વધુ લોકો કામચલાઉ આશ્રયસ્થાનોમાં રહી રહ્યા છે.

# CRICKET-T20 ASIA CUP

મહિલા T20 ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં ભારતનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન શ્રીલંકા સામે થશે. દુબઈમાં રાંનારી આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગે રમાશે. સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને 40 રનથી હરાવ્યું. ભારતે ગ્રુપ Aમાં બધી મેચ જીતીને ટોચનું સ્થાન મેળવ્યું. શ્રીલંકાએ સેમિફાઇનલમાં પાકિસ્તાનને હરાવ્યું. શ્રીલંકાએ પણ પોતાના ગ્રુપમાં ટોચનું સ્થાન મેળવ્યું. શ્રીલંકાએ અગાઉ 2024માં આ ટાઇટલ જીત્યું હતું. જ્યારે ભારતે આ ટાઇટલ સાત વખત જીત્યું છે.

# CRICKET - IND-AFG T20

પુરુષોની ક્રિકેટમાં ભારત આજે ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં અફઘાનિસ્તાન સામે રમશે. બીજી મેચ મંગળવારે, ત્રીજી અને અંતિમ મેચ ગુરુવારે રમાશે. બધી મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે રમાશે.

શ્રેયસ ઐયર ભારતીય ટીમનું નેતૃત્વ કરશે, તિલક વર્મા ઉપ-કપ્તાન રહેશે. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન ભારતીય ટીમમાં પરત ફર્યો છે, જ્યારે અરુણ ચક્રવર્તી પણ ઈજા બાદ અને વૈભવ સૂર્યવંશીનો પણ ટીમમાં સમાવેશ છે.

ઇબ્રાહિમ ઝદરાન અફઘાનિસ્તાનનું નેતૃત્વ કરશે. ભારતે અફઘાનિસ્તાન સામે રમાયેલી નવ T20 મેચમાંથી આઠ જીતી છે, જ્યારે એક મેચ ડ્રો રહી છે.

# IRAQ-SAUDI PIPELINE-HOUTHI

ઇરાકે મૈસન પ્રાંતમાં લશ્કરી અભિયાનના કમાન્ડરને પદ પરથી દૂર કરી દીધા છે અને સાવચેતીના પગલા તરીકે ઈરાન સાથેના શાલમચેહ સરહદ ક્રોસિંગને અસ્થાયી રૂપે બંધ કરવાનો આદેશ આપ્યો છે. આ કાર્યવાહી સાઉદી અરેબિયાની પૂર્વ-પશ્ચિમ પાઇપલાઇન પર ડ્રોન હુમલાઓની તપાસને પગલે કરવામાં આવી છે.

સાઉદી અરેબિયાએ કહ્યું હતું કે હુમલાઓ ઇરાક દ્વારા કરવામાં આવ્યા હતા, પરંતુ જવાબ આપવાને બદલે, તેણે ઇરાકી સરકારના પ્રયાસોને ટેકો આપવાનો નિર્ણય લીધો.

યમનમાં હુતી બળવાખોરોએ દાવો કર્યો છે કે સાઉદી અરેબિયાએ 48 કલાકની અંદર યમનમાં સો થી વધુ હવાઈ હુમલા કર્યા છે.

આ મુદ્દા પર રાજદ્વારી જોડાણના સંકેતો પણ છે. નવી દિલ્હીમાં 18મા બ્રિક્સ સમિટ દરમિયાન અબુ ધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ ખાલિદ બિન મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. મસૂદ પેઝેશ્કિયાન સાથે મુલાકાત કરી હતી. સંઘર્ષ શરૂ થયા બાદ આ બંને દેશો વચ્ચેની ઉચ્ચ સ્તરીય બેઠક હતી.

બંને નેતાઓએ તણાવ ઓછો કરવા, શાંતિ સ્થાપિત કરવા અને પ્રાદેશિક સ્થિરતાને મજબૂત કરવાના પ્રયાસોને ટેકો આપવાના મહત્વ પર ભાર મૂક્યો. અહેવાલ મુજબ ઈરાન અને અખાતી દેશો સોમવારે ઓમાનમાં પ્રાદેશિક મુદ્દાઓ અને હોર્મુઝ સ્ટ્રેટ પર ચર્ચા કરવા માટે મળી શકે છે. જોકે, તે સ્પષ્ટ નથી કે બધા દેશો ભાગ લેશે કે નહીં. જળમાર્ગને તાત્કાલિક ફરીથી ખોલવા અંગે કોઈ નક્કર કરાર થવાની પણ હાલમાં અપેક્ષા નથી.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે  ચૈતાલી જોશી,

- આજ ના મોટાભાગ ના વર્તમાન પત્રો એ બ્રિક્સ શિખર સમેલન ને પેલા પાને સ્થાન આપ્યું છે,
- નવગુજરાત સમય લખે છે. સરહદે શાંતિ જરૂરી,મતભેદ વિવાદ માં ના ફેરવાય -પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ,
- યુદ્ધ થી લઈ ને ટેરિફ યુદ્ધ ની ચિંતા-બ્રિક્સ સયુક્ત ઘોષણા પત્ર ને ફૂલછાપે પેલે પાને છાપ્યું છે. દિવ્ય ભાસ્કર લખે છે બ્રિક્સ ની સ્પસ્ટ વાત.. એક તરફી ટેરીફ નામંજૂર.
- લો પ્રેસર ગુજરાત ભણી-વરસાદ ફરી શરૂ થયો-આજે -કાલે ભારે વરસાદ ની આગાહી એગુજરાત સમાચાર છેલ્લે પાને સ્થાન આપ્યું છે